"રિફોર્મ ઉત્સવ" (**REFORM UTSAV**) અભિયાન અંતર્ગત વિભાગના નોડલ અધિકારીની નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

ક્રમાંક: SJED/MSM/e-file/17/2022/0091/E

સચિવાલય, ગાંધીનગર

તારીખ: ઇ-સાઇન મુજબ

<u>વંચાણે લીધા</u>:

સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૧/૦૮/૨૦૨૬નો પરિપત્ર ક્રમાંક: GAD/AWR/e-file/1/2026/4791/ARTD2

<u>**કાર્યાલય આદેશ:**</u>

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ તા.૩૧/૦૮/૨૦૨૬ના પરિપત્રથી સૂચવ્યા મુજબસામાન્ય વહીવટ વિભાગ દ્વારા સુશાસનમાં ઉર્ધ્વગામી અભિગમને મજબૂત કરવા તથા નાગરિક ભાગીદારી દ્વારા વ્યાપક જાહેર અસર ધરાવતા પ્રક્રિયાગત અને માળખાકીય સુધારાઓ લાવવા માટે ઓક્ટોબર - ડિસેમ્બર ૨૦૨૬ દરમિયાન "રિફોર્મ ઉત્સવ" (REFORM UTSAV) અભિયાન હાથ ધરવામાં આવનાર છે. કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્ય સરકારોને આવરી લેતી આ સમયબદ્ધ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકો પાસેથી મળતી રજૂઆતોમાંથી માત્ર વ્યક્તિગત ફરિયાદોને અલગ તારવીને પદ્ધતિગત સુધારણાના સાચા સૂચનો શોધવાનો, તેનું વર્ગીકરણ કરવાનો અને સ્પષ્ટ નિર્ણય પ્રક્રિયા દ્વારા તેનું સમયબદ્ધ અમલીકરણ કરવાનો છે. આથી, "રિફોર્મ ઉત્સવ" (REFORM UTSAV) અભિયાન અંતર્ગત વિભાગના ઉપસચિવશ્રી(મહેકમ)ની હોદ્દાની રૂએ નોડલ અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવે છે. વિભાગમાં હાલમાં કાર્યરત ઉપસચિવશ્રી(મહેકમ)ના નામ, હોદ્દો, સરનામું, ટેલિફોન નંબરની વિગત નીચે મુજબ છે.

| **નામ તથા હોદ્દો** | **વિભાગનું નામ તથા સરનામું** | **ટેલિફોન નંબર/ ઇ-મેઇલ આઇ.ડી.** |
|---|---|---|
| સુશ્રી નેહા એસ. માહલા<br>ઉપસચિવ(મહેકમ) | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫/૯ મો માળ, સચિવાલય, ગાંધીનગર | કચેરી: ૦૭૯-૨૩૨-૫૧૨૧૯<br>ઇ-મેઇલ આઇ.ડી.:us4-sje@gujarat.gov.in |

**(પાયલ માલકીયા)**
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

- સુશ્રી નેહા એસ. માહલા, ઉપસચિવ(મહેકમ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

**નકલ રવાના:**

- અગ્ર સચિવશ્રી(વ.સુ.તા.પ્ર.)ના રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫/૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (અ.જા.ક./વિ.જા.ક./સ..સુ.), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી/ સર્વે નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(વ.સુ.તા.પ્ર.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે ઉપસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર- વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.

- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.

Signature Not Verified

Signed by:payal malakiya
Section Officer
Date:2026.09.05
11:23:08 +5:30